# ભારતીય જનતા પક્ષ રાષ્ટ્રીય સમિતિ

નવી દિલ્હી, ૨-૩ માર્ચ,૨૦૧૩

# આર્થિક ઠરાવ

ફુગાવો અને ભ્રષ્ટાચાર વર્તમાન સરકારની આગવી ઓળખ બની ગયા હોય એવું જણાય છે. દેશના અર્થશાસ્ત્રી વડા પ્રધાનના નેતૃત્વમાં નાણા પ્રધાનના કલંકને સહન કરી લેવું પડે એવી દશા થઈ છે. દરેક આર્થિક પરિબળોમાં સતત ઘટાડો થયો છે. ભાજપ ભારતની કથળતી જતી અર્થતંત્રની પરિસ્થિતિ વિશે ચિંતા વ્યક્ત કરે છે. તેના લીધે સામાન્ય જનતા હેરાનપરેશાન થઈ ગઈ છે. દિશાહીન સ્થિતિ અને નીતિગત પક્ષઘાત માટે કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકાર જ આમાં જવાબદાર હોવાનું ભાજપ માને છે.

**નબળી આર્થિક સ્થિતિઃ જ્યાંથી ચાલ્યા હતા, ત્યાં પરત**

વર્ષ ૧૯૮૮માં ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકારને ફક્ત ચાર ટકા વિકાસદર ધરાવતું અર્થતંત્ર અગાઉની સરકાર પાસેથી મળ્યું હતું, જેને સુધારીને ભારતને આર્થિક સુપરપાવર બનાવવાની દિશામાં અર્થતંત્રનો ઝડપી વિકાસ કર્યો.

શ્રી અટલ બિહારી વાજપેયીના દૂરદર્શી નેતૃત્વના ફળસ્વરુપે ભારતે અનેક દાયકાઓમાં પહેલીવાર વર્ષ ૨૦૦૪માં ૮.૨૫ ટકાનો વિકાસદર હાંસલ કર્યો હતો. એનડીએ સરકારે સત્તા છોડી ત્યારે અર્થતંત્રની આવી હાલત હતી.

યુપીએ સરકાર આર્થિક વિકાસને વેગવાન બનાવે એવા બહેતર સ્વપ્નની આશા પણ ન હતી. ઉચ્ચ વિકાસદર અને ચૂકવણીના આદાનપ્રદાનની સ્થિતિની સાથોસાથ ફુગાવાનું પ્રમાણ ઘટે અને ઓછા વ્યાજદર સાથે સુદૃઢ આર્થિક વિકાસ અને મેક્રો આર્થિક સ્થિરતા હાંસલ કરવી યુપીએ સરકાર માટે બહેતર આદર્શ હતા.

હવે બધા એ બાબતથી નિરાશ થયા છે કે યુપીએ સરકારે અણઘડ આર્થિક સુધારાનો માર્ગ અપનાવ્યો છે. યુપીએ સરકારે નવ વર્ષના કાર્યકાળ દરમિયાન ફુગાવાનો દર પાંચ ટકા રાખીને દસ ટકાથી વધારે દરે વિકાસ કરવાનો હતો, તેના બદલે વિલકુલ વિપરિત પરિસ્થિતિ સર્જાઈ. યુપીએ સરકારની આર્થિક અવ્યવસ્થાને લીધે દેશ અનેક દાયકાઓ પાછો ધકેલાઈ ગયો હોય

એવું જણાય છે. શરુઆતમાં કુલ રાષ્ટ્રીય ઉપજ ચાર ટકા હતી તે વધીને આઠ ટકા થઈ અને યુપીએ સરકાર તેને ફરીથી ચાર ટકાએ લઈ આવી.

## મેક્રો સ્થિતિ

અર્થતંત્રની મેક્રો સ્થિતિ ખુબજ ચિંતાજનક છે, કારણકે વિકાસદરની સાથોસાથ અર્થતંત્રમાં તમામ ક્ષેત્રે પતન થઇ રહ્યું છે. આઈ.આઈ.પી. સૂચકાંકમાં સતત ઘટાડો થતો રહ્યો છે. ડિસેમ્બર-૨૦૧૨માં આઈ.આઈ.પી. સૂચકાંક ૦.૬ ટકા હતો. કોલસા, ખાણ, ઉર્જા, ખાતર અને કુદરતી ગેસ જેવા મહત્ત્વના ક્ષેત્રો પણ હવે નકારાત્મક ઝોનમાં આવે છે.

સતત વધતી જતી રાજકોષીય ખાધ પણ નાજુક સ્થિતિમાં પહોંચી ગઈ છે. હાલમાં તેનું પ્રમાણ ૫.૫ ટકા છે. સરકાર દર વર્ષે બજેટમાં રાજકોષીય ખાધ ઘટાડવાનું વચન આપે છે. આમછતાં રાજકોષીય ખાધ વધી રહી છે. બીજી બાજુ રાજ્યોની રાજકોષીય ખાધ ઘટી રહી છે, જે સૂચવે છે કે રાજકોષીય ખાધ વધવા પાછળ કેન્દ્ર સરકાર જ જવાબદાર છે. તેના માટે રાજ્ય સરકારોને એટલા જ દોષિત ઠરાવવાનું યોગ્ય નથી.

ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકારે રાજકોષીય ખાધ અને બજેટ વ્યવસ્થા બાબતે ઐતિહાસિક આર્થિક નિયમ બનાવ્યો હતો. જેથી રાજકોષીય ખાધ ૩ ટકાથી નીચે રાખી શકાય. બદનસીબે કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારે તે નિયમનું પાલન કર્યું નહિ, જ્યારે રાજ્ય સરકારો તે નિયમ મુજબ કાર્ય કરતી રહી હોવાનું આર્થિક આંકડાઓ પરથી માલુમ પડે છે.

કરન્ટ એકાઉન્ટની ખાધ પણ ચિંતાનો વિષય છે, કારણ કે તેનું પ્રમાણ કુલ રાષ્ટ્રીય ઉપજનાં ૫.૪ ટકા છે, જે બરાબર નથી. વર્તમાન પરિસ્થિતિ માટે એક મહત્ત્વપૂર્ણ કારણ બચત તથા મૂડીરોકાણમાં ભારે ઘટાડો છે. જેના લીધે

આર્થિક વિકાસદર ઘટ્યો છે એટલું જ નહિ કરન્ટ એકાઉન્ટની ખાધ અને રાજકોષીય ખાધમાં પણ ઘટાડો થયો છે. સરકાર ટૂંકા ગાળાનાં ધિરાણ અને તેના દ્વારા લોન લેવાની બાબતમાં આગળ વધી રહી છે. જેનાથી કરન્ટ એકાઉન્ટની ખાધ વધી રહી છે. અર્થતંત્રમાં નવો નિશાળીયો પણ જાણે છે કે આવું કરવું એ વર્તમાન જવાબદારીઓ નિભાવવા ભાવિ પેઢીનાં સંસાધનોને ખતમ કરવા જેવું છે.

સતત વધતી કરન્ટ એકાઉન્ટની ખાધ અને રાજકોષીય ખાધને લીધે છેલ્લા ૧૨ મહિનામાં રૂપિયાના મૂલ્યમાં ૨૦ ટકાથી વધુ ઘટાડો થયો છે. તેની સરખામણીએ અનેક અન્ય આંતરરાષ્ટ્રીય ચલણનાં મૂલ્યમાં ડોલરની સરખામણીએ વધારો થયો છે.

ભારતનાં માથે વિદેશી કરજ ૨૬૦ અબજ ડોલરથી વધીને ૩૪૦ અબજ ડોલર થઇ ગયું છે, જે ૩૦ ટકા છે. આવું પહેલીવાર થયું છે કે વિદેશી કરજ વિદેશી અનામત થાપણ કરતા વધી ગયું છે.

સંભવિત આંતરરાષ્ટ્રીય ડાઉનગ્રેડ સામે સરકારે ઉતાવળે અનેક નિર્ણયો લેવાનું નક્કી કર્યું છે. જેના પરિણામે અનેક ક્ષેત્રોમાં કિંમતો વધી ગઈ છે અને યોજનાઓમાં નાણાકીય ફાળવણી ઘટાડી દેવામાં આવી છે. ભાજપ આવા પગલાઓનો વિરોધ કરે છે.

સીધું વિદેશી મૂડીરોકાણ ગત ત્રિમાસિક ગાળામાં ઘટીને ૪૩ ટકા થયું છે. બીજી બાજુ આપણા દેશના રોકાણકારો પણ વિદેશમાં મૂડીરોકાણ કરવા લાગ્યા છે. વર્ષ ૨૦૦૦માં આંતરિક એફ.ડી.આઈ.નાં ૧૦ ટકા વિદેશમાં ગયા. વર્ષ ૨૦૧૧-૧૨માં તેનું પ્રમાણ આંતરિક એફ.ડી.આઈ.નાં ૫૦ ટકા રહ્યું.

પરિસ્થિતિને સુધારવા નાણાકીય રિસ્પોન્સ પણ પક્ષપાતપૂર્ણ છે. વર્તમાન સરકાર મહેસુલ વધારવા કુશળતાપૂર્વક કાર્યવાહી કરવાને બદલે બજારમાં ટેક્સ વધારવા અને કિમતો વધારવામાં વ્યસ્ત છે. જેના લીધે સામાન્ય જનતા પર બોજ વધી રહ્યો છે.

## કુગાવો - વાસ્તવિક દુઃખદાયક કારણ

વર્તમાન સરકાર કુગાવો નિયંત્રણમા રાખવામાં અને તેને ઘટાડવામાં નાકામિયાબ રહી છે. કમનસીબે આ કુગાવો કોઈ કુદરતી આફતનું પરિણામ નથી બલકે યુપીએ સરકારે આપેલી ભેટ છે. અનાજના ગોદામોમાં અવ્યવસ્થા અને વિતરણમાં વિસંગતતાને કારણે કુગાવા પર દબાણ વધ્યું છે. દેશના ગોદામોમાં ફક્ત ત્રણ કરોડ ટન અનાજનો સંગ્રહ કરવો જોઈએ તેના બદલે સાત કરોડ ટન અનાજનો સંગ્રહ કરી દેવામાં આવ્યો. જેથી બજારમાં અનાજની અછત ઉભી થતાં તેના ભાવ વધી ગયા. વધારાનું અનાજ કુપોષણ ધરાવતાં બાળકો માટે વિતરણ કરવાને બદલે સડવા લાગ્યું. પછીથી તેને પશુચારા તરીકે વિદેશમાં નિકાસ કરવા ઉપરાંત દારુ બનાવવામાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો.

જનતા અભૂતપૂર્વ મોંઘવારીના બોજ હેઠળ ભીંસાઈ રહી છે. જનતા તેમાં રાહત મળે એમ ઈચ્છે છે. તેના બદલે સરકાર ઈંધણનાં ભાવોનું ડીરેગ્યુલેશન કરીને ડીઝલના ભાવ વધારી રહી છે. બીજી બાજુ રાંધણ ગેસ સીલીન્ડર પર પણ મર્યાદા લાગુ કરી દેવામાં આવી છે. આ બધાને લીધે જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવો ઘણા વધી ગયા છે. વૈશ્વિક અનુભવો પરથી માલુમ પડ્યું છે કે ફોરવર્ડ એક્સચેન્જનાં માધ્યમથી વાયદા બજારને લીધે પણ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવો વધે છે. આમછતાં સરકાર તેના પ્રત્યે આંખ આડા કાન કરી રહી છે.

ફુગાવાને લીધે નોકરીયાત અને માધ્યમ વર્ગનાં લોકોની વાસ્તવિક આવક ઘટી છે. જેમના વેતન અને મજુરીના દરોને મોંઘવારી સાથે જોડવામાં આવતા નથી તેઓના જીવનધોરણ પર માઠી અસર થઇ છે. તેઓ કફોડી હાલતમાં મુકાઈ ગયા છે.

ભાજપ ડીઝલ, ગેસ, પેટ્રોલ, રેલવે અને અન્ય સેવાઓના મૂલ્યોમાં કરાયેલા વધારાને તાત્કાલિક પાછો ખેંચી લેવાની માગણી કરે છે.ભભૂકી રહેલા જનઆક્રોશ અને લોકલાગણી બાબતે અવાજ ઉઠાવવા બે દિવસ દેશવ્યાપી બંધ પાળવામાં આવ્યો હતો.

લુંટ ચાલુ જ છે...
કોંગ્રેસનાં નેતૃત્વવાળી યુપીએ સરકાર ભ્રષ્ટાચારનો વિકલ્પ બની ગઈ છે. વીવીઆઈપી હેલીકોપ્ટર કૌભાંડ, કૃષિ લોનમાફી કૌભાંડ તાજેતરમાં સરકારના વિવિધ કૌભાંડોની હારમાળામાં જોડાયા છે. સરકાર દોષિતોને સજા આપવાને બદલે આરોપીઓને બચાવવાની કોશિશમાં છે. ભાજપ આ બંને કૌભાંડોની તપાસ અદાલતની દેખરેખ હેઠળ કરવા અને લોનમાફી માટે લાયક ખેડૂતોને તાત્કાલિક રાહત આપવાની માગણી કરે છે.

એનડીએ વિ. યુપીએ
દેશના માળખાકીય વિકાસ માટે એનડીએ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને યુપીએના શાસનકાળમાં છેલ્લા એક દાયકામાં ફટકો પડ્યો છે. એનડીએ સરકાર રોજના ૧૧ કિલોમીટર ધોરીમાર્ગોનું નિર્માણ કરતી હતી, જ્યારે યુપીએ સરકારે તે લક્ષ્ય ૨૨ કિલોમીટર પ્રતિદિનનું રાખ્યું હતું. આમછતાં અત્યારે ધોરીમાર્ગોના નિર્માણનું પ્રમાણ રોજના ફક્ત ત્રણ કિલોમીટરનું રહી ગયું છે. પૂર્વ-પશ્ચિમ ઉત્તર-દક્ષિણ કોરીડોર દીવાસ્વપ્ના બની રહ્યા છે. ગ્રામ સડક યોજના પણ ધીમી પડી ગઈ છે.

વિદ્યુત ઉત્પાદનક્ષેત્રે ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૭૮૦૦૦ મેગાવોટનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું, જે વાસ્તવમાં ૫૪૦૦૦ મેગાવોટ થઇ ગયું છે.રેલવે, બંદરગાહ, ખનીજતેલ અને ગેસ ક્ષેત્રે માળખાકીય વિકાસનું કાર્ય નિરાશાજનક ઝડપે થઇ રહ્યું છે. એનડીએનાં શાસનકાળમાં ચાર વર્ષમાં ચાર કરોડ પરિવારોને ગેસ કનેક્શનો આપવામાં આવ્યા હતા, જ્યારે યુપીએ સરકાર નવ વર્ષમાં એટલા કનેક્શન આપી શકી નથી.

વર્તમાન સરકારે દેશને જોબલેસ ગ્રોથ આપ્યો છે. એનડીએ સરકારના શાસનકાળમાં ૮૦ લાખ રોજગારીની તકોનું નિર્માણ થયું હતું, જ્યારે વર્તમાન સરકાર ફક્ત ૨૦ લાખ રોજગારીની તકોનું નિર્માણ જ કરી શકી છે.

ખેડૂતોની કફોડી હાલત

ભારતમાં ૬૦ ટકાથી વધુ લોકો કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે, તેઓની હાલત કફોડી બની છે. વર્તમાન સરકારના શાસનકાળમાં ટર્મ ઓફ ટ્રેડ ખેડૂતોની વિરુદ્ધમાં જ ગયાનું જણાય છે. તેમાંયે લોનમાફી કૌભાંડ બહાર આવ્યું છે.

મૂળ યોજનામાં ફેરફાર કરાતા અનેક નાના અને સીમાંત ખેડૂતોને તેનો લાભ ન મળ્યો. હકીકતમાં વર્ષ ૧૯૯૭ પછીના નાના અને સીમાંત ખેડૂતોને તેનો લાભ પ્રાપ્ત થવો જોઈતો હતો. તેમાંના અનેક ખેડૂતોએ ભારે હાડમારી વેઠીને કરજ ભરપાઈ કરવું પડ્યું અને કરજમાફીને પાત્ર હોવા છતાં તે યોજનાનો લાભ મળ્યો નહિ. આઘાતજનક બાબત એ છે કે અમુક માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યુટ કરજમાફીને પાત્ર ન હોવા છતાં તેને લાભ આપવામાં આવ્યો હતો. કેગને અનેક કેસોમાં ચેડાં થયાનું, લખાણમાં ચેકચાક કરવામાં આવ્યાનું અને એવી રીતે કૌભાંડ આચરવામાં આવ્યાનું માલુમ પડ્યું છે. કેગના અંદાજ અનુસાર કરજમાફીને પાત્ર હોય એવા છ ટકા ખેડૂતોને તેનો લાભ આપવામાં આવ્યો નથી. કરજમાફીના પ્રમાણપત્રો આપવામાં આવ્યા નહિ. ભાજપ એવી માગણી કરે છે કે તપાસમાં એ બાબત નક્કી થવી જોઈએ કે સમગ્ર કૌભાંડમાં કોની જવાબદારી છે... દોષિત વિરુદ્ધ પગલાં લેવા જોઈએ.

કરજમાફી છતાં કૃષિક્ષેત્રમાં પરિસ્થિતિ વણસી છે. અનેક ખેડૂતોએ આપઘાત કરવો પડે એવી હાલત છે. કૃષિ આધારિત અર્થતંત્ર કથળી ગયું છે, કારણ કે ખાતર, જંતુનાશક દવા, બિયારણ, પાણી, વીજળી અને ડિઝલના ભાવમાં ભારે વધારો થયો છે. લઘુતમ ટેકાના ભાવ અને પાક ઉત્પાદન વચ્ચે તફાવત વધ્યો છે. ભાજપ સ્વામિનાથન પંચની ફોરમ્યુલા મુજબ એટલે કે ઉત્પાદન ખર્ચ વત્તા ૫૦ ટકા મુજબ ખેડૂતોને વળતર આપવાની માગણી કરે છે.

બજેટ-૨૦૧૩

**નાણાપ્રધાને નીતિ અને કરવેરાના માળખામાં ફક્ત બાહ્ય દેખાવ સુંદર લાગે એવું બજેટ રજૂ કર્યું છે. બજેટ શાબ્દિક માયાજાળ ધરાવતું હોવા છતાં તેની મહત્ત્વાકાંક્ષા ઘણી નીચી છે. ભારતીય ઉત્પાદક્ષેત્રને જોમવંતુ બનાવવા તેમાં નક્કર પગલાંની ઉણપ જણાય છે. કૃષિક્ષેત્રની પણ સરકારે અવગણના કરી છે. સામાન્ય જનતા શબ્દનો પરંપરાગત ઉલ્લેખ પણ બજેટમાં કરવામાં આવ્યો નથી. નિકાસને પ્રોત્સાહન આપવા તથા ફુગાવા પર નિયંત્રણ માટે તેમજ રૂપિયાને મજબુત બનાવવા કોઈ ખાસ પગલાં લેવામાં આવ્યા નથી. અર્થતંત્રનો વિકાસદર (જીડીપી) ઘટીને પાંચ ટકા રહેવાની ધારણા દર્શાવ્યા બાદ હવે પછી નવ ટકા વિકાસદર સુધી અર્થતંત્રને કેવી રીતે પહોંચાડવામાં આવશે તેની ભાવિ યોજના વિશે બજેટમાં જાણકારી અપાઈ નથી.**

**અમુક વર્ગમાં સીધા અને આડકતરા કરવેરા વધારવામાં આવ્યા છે. બીજી બાજુ ખર્ચ અને જોગવાઈઓમાં કાપ મૂકવામાં આવ્યો છે જેથી નાણાકીય ખાધનો આંકડો દેખાવે બહેતર રહે. બજેટ દસ્તાવેજમાં તેના અનેક ઉદાહરણો જોવા મળે છે. ચાલુ વર્ષે ફુડ સબસિડી બિલનો આંકડો રૂ. 75,000 કરોડ રહેવાનો અંદાજ રાખવામાં આવ્યો, તે સુધારીને રૂ. 85,000 કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આગામી વર્ષના બજેટ અંદાજ ઘટાડીને રૂ. 80,000 કરોડ કરવામાં આવ્યા છે. નાણા પ્રધાન ફુડ સિક્યોરિટી ખરડાને કારણે વધારાના રૂ. 10,000 કરોડની જોગવાઈનો દાવો કરી રહ્યા છે. હકીકતમાં**

અસરકારક વધારો રૂ.5000 કરોડનો જ છે, જે મામુલી છે. હેલ્થ મિશનમાં ચાલુ વર્ષે બજેટકીય જોગવાઈ રૂ.18515 કરોડની હતી, તે સુધારીને રૂ.15411 કરોડ કરવામાં આવી છે. આગામી વર્ષે તેમાં ફક્ત રૂ.3000 કરોડનો મામુલી વધારો કરાયો છે. પંચાયતી રાજમાં પણ આવી જ પરિસ્થિતિ છે.

યુપીએની રોજગાર ગેરેન્ટી યોજના પાછળ રૂ. 40,000 કરોડ ફાળવવાનું વચન અપાયું હતું. છેલ્લા બે વર્ષમાં તે રકમ ઘટાડીને રૂ.33,000 કરોડ કરી નાખવામાં આવી અને ચાલુ વર્ષે રૂ.29387 કરોડનો ખર્ચ થવાની વકી છે, જ્યારે આગામી વર્ષે તેમાં વધુ ઘટાડો કરાય એવી ધારણા છે. નાણા પ્રધાને તેનું સૂચિત લક્ષ્યાંક ઘટાડીને રૂ.33,000 કરોડ કર્યો છે. પ્રધાન મંત્રી(વડા પ્રધાન) સડક યોજનામાં રૂ.29677 કરોડની જોગવાઈમાં નિષ્ફળતા આનું જ્વલંત ઉદાહરણ છે. ચાલુ વર્ષે તેનો સુધારિત અંદાજ 40 ટકા છે એટલે કે રૂ.8100 કરોડ. ચાલુ વર્ષે તેનો ખર્ચ વધારીને રૂ.15690 કરોડ કરાય એવી ધારણા છે.

રોકડ રકમ સીધી લાભાર્થીના ખાતામાં જમા કરાવવાની યોજનાને યુપીએ પોતાની વિશિષ્ટ યોજના તરીકે ગણાવે છે. કુલ 26 યોજનાઓ પાછળ રૂ.5595.02 કરોડ ફાળવવામાં આવ્યા છે. હકીકતમાં તેની પાછળ માત્ર રૂ.5.38 કરોડનો ખર્ચ કરાય એવો અંદાજ છે. બજેટમાં કેટલીક ચેતવણી પણ દર્શાવાઈ છે, જેમ કે રૂ.96980 કરોડની પેટ્રોલિયમ સબસિડી ઘટાડીને રૂ.65,000 કરોડ લાવવી. આનો અર્થ એવો થયો કે પેટ્રોલ-ડિઝલ અને ગેસના ભાવ દારવામાં આવશે.

ભાજપ એવી માગણી કરે છે કે

- પેટ્રોલ-ડીઝલનાં ભાવવધારાને પાછો ખેંચી ગેસ સીલીન્ડર મર્યાદા હટાવી દેવામાં આવે
- તમામ જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ સંદર્ભે નીતિ નક્કી કરવામાં આવે
- લઘુતમ ટેકાના ભાવ ખર્ચ ઉપરાંત ૫૦ ટકાના દરે રાખવામાં આવે
- ખેડૂતોને લોનમાફીનો લાભ આપવામાં આવે
- ખાતરના ભાવ ઘટાડવામાં આવે

વર્તમાન સરકાર ભાજપની આ માગણીઓનો સ્વીકાર નહિ કરે તો ઉગ્ર જન આંદોલન કરવામાં આવશે.